PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૫/ક્વા–૦૪/૧૭–૧૮/ ૨૧૮૨ - ૫ તા. ૦૬-૦૩-૧૮

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ઓમકાર પ્લાસ્ટીક્સ,
હરેશભાઈ કેશવભાઈ વાસજાળીયા
શ્યામ હોટલ ની પાસે,
C/O, ભકિત એન્જીનીયરીંગ
ગામ: લાલપર, તા. મોરબી
મો: ૮૧૪૧૨ ૧૧૩૦૫

**વિષય :–ઈલેક્ટ્રીસીટી ડયુટી ના તફાવત ની રકમ રીફંડ મેળવવા માટે**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૫–૦૨–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૫/ક્વા–૦૪/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, મોરબી
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી, લાલપર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૩૪/કવા–૦૪/૧૭–૧૮ | કમિટી મીટીગઃ તા. ૨૮–૦૨–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામઃ ઓમકાર પ્લાસ્ટીક ( વડાવીયા જયેશ પી.) , ગામઃ લાલપર, મોરબી**

**રજુઆત કરનારઃ અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે વી.વી.પટેલ હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી, લાલપર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, મોરબી)**

**રજુઆત કરનાર :એસ.આર.રાંકજા – ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, મોરબી**

## : હુકમ :

**ફરીયાદ : ઈલેકટ્રીસીટી ડયુટી ના તફાવત ની રકમ રીફંડ મેળવવા માટે**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે,તેમના ગામઃ રફાળેશ્વર ખાતે – હરેશભાઈ કેશાભાઈ વાંસજાળીયા ના નામે એલ.ટી. વીજજોડાણ નંબરઃ૮૭૫૫૧ / ૦૧૪૭૫ / ૬ થી એન.આર.જી.પી. ટેરીફ હેઠળ ૩૪ કીવો નુ વીજ જોડાણ ધરાવે છે. તેઓના જણાવ્યા મુજબ – તેઓના વીજબીલ મા ઈલેકટ્રીસીટી ડયુટી ૨૫% વસુલ કરવામા આવે છે, જે ખરેખર ૧૦% ઈલેકટ્રીસીટી ડયુટી વસુલ થવી જોઈએ – જોડાણ ચાલુ થયા થી આજદિન સુધી વધુ વસુલ થયેલ ઈલેકટ્રીસીટી ડયુટી ની રકમ રીફંડ મેળવવા માટે – તેમજ હવે પછી ના બીલ મા ૧૦% ઈલેકટ્રીસીટી ડયુટી કરી આપવા માટે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર ની ફરીયાદ મુજબ – લાલપર પેટા વિભાગીય કચેરી હેઠળ – શ્રી હરેશભાઈ કેશાભાઈ વાંસજાળીયા ના નામે એલ.ટી. વીજજોડાણ નંબરઃ૮૭૫૫૧ / ૦૧૪૭૫ / ૬ થી એન.આર.જી.પી. ટેરીફ હેઠળ ૦૭ હોપા નુ વીજ જોડાણ એન.આર.જી.પી. ટેરીફ હેઠળ તા.૦૩–૧૨–૧૦ ના રોજ રીલીઝ થયેલ છે. ત્યારબાદ, વીજભાર વધારો કરતા – કુલ ૨૦ કીવો નુ વીજ જોડાણ તા.૨૩–૦૮–૧૩ થી અને ફરીથી વીજભાર વધારો કરતા તા.૨૪–૦૭–૧૭ થી ફેરફાર થયેલ છે. અરજદાર દ્વારા વીજકર ૨૫% માથી ૧૦% તેમજ અગાઉ વસુલેલ વીજકર રીફંડ મેળવવા માટે લાલપર પેટા વિભાગીય કચેરી ને અરજી આપેલ છે. જે અન્વયે – અરજદાર શ્રી અને ફોરમ ને અપાયેલ વિભાગીય કચેરી ના પત્ર નં. : ૧૯૮૩ તા.૨૬–૦૨–૨૦૧૮ મુજબ – સદર વીજ જોડાણ મા વીજકર બાબતે ફેરફાર ન કરી શકાય – કારણકે, અરજદાર નો વીજ જોડાણ શ્રી હરેશભાઈ કેશાભાઈ વાંસજાળીયા ના નામનુ છે. તેમજ, તેઓના નોધણી કરાયેલ એ–૧ ફોર્મ મા ધંધા અંગે કોઈપણ જાતનો ઉલ્લેખ કરાયેલ નથી. અરજદાર ની અરજી મુજબ – તેઓએઓમકાર પ્લાસ્ટીક નુ પાનકાર્ડ અને ગુજરાત કોમર્શીયલ ટેકસ વિભાગ નુ સર્ટીફીકેટ રજુ કરેલ છે, જેમા – કયાયપણ શ્રી હરેશભાઈ કેશવજીભાઈ વાંસજાળીયા ના નામનો ઉલ્લેખ થયેલ નથી. આમ, અરજદાર ની વીજકર મેળવવા માટે ની અરજી ગ્રાહય રાખી શકાય નહી. તેમજ, જો અરજદાર દ્વારા – વિદ્યુત શુલ્ક સમાહર્તા ની કચેરી – ગાંધીનગર ખાતેથી સદર બાબતે કોઈ હુકમ મેળવી અને પીજીવીસીએલ પક્ષકાર ને આપશે તો પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તે મુજબ ની નિયમાધીન કાર્યવાહી કરવામા આવશે. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર દ્વારા કરેલ વીજકર રીફંડ મેળવવા માટે ની અરજી ગ્રાહય રાખી શકાય નહી. જે નિયમાધીન યોગ્ય છે. તે મુજબ નો – સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે ની બન્ને પક્ષકારો ને જાણકારી આપવામા આવે છે. આમ, અરજદાર ની અરજી અત્રે ના ફોરમ તરફથી દફતરે કરવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.